ભીમજી ખાચરિયા

જેતપુર

પોરબંદર પંથકની સંસ્કૃતિ- એક અભ્યાસ

ખંડ-૧

આ અભ્યાસની ભૂમિકામાં એક વાત સ્પષ્ટ કરું તો આ પ્રદેશ અને પ્રદેશની સંસ્કૃતિ એટલી દીર્ઘ રહી છે કે આ પાંચસાત પાનાના અભ્યાસમાં તો કેમ વાત પૂરી થાય ! કારણ કે છેક કૃષ્ણ - સુદામાની મિત્રતા આ પંથકમાં છે તો જાંબુવંતની ગુફા પણ આ પ્રદેશમાં જ છે.ભકત મીરાબાઇ પણ અહીં છે તો આધુનિક જગતના શાંતિદૂત મહાત્મા ગાંધી પણ અહીં જ થયા છે.

આ અભ્યાસમાં નીચેના મુદ્દાઓ અંગે અભ્યાસ આપવાનો પ્રયત્ન કરેલ છે.

ખંડ-૧ પોરબંદર પંથકની લોકવાર્તા

પોરબંદર પંથકની સંસ્કૃતિને ઉજાગર કરતી વાર્તા - ૧ .

કાંધલજી મેર

ચારસો વરસની જૂની એક વાત છે, તે વખતે હજુ ઢાંક અને ઘૂમલીનગરની દેવભોમકા જેઠવા રાણાઓના હાથમાં હતી.રાણાના દરબારમાં કાંધલજી નામે બરડાના ગામ ઓડદરનો એક મેર અમીર હતો. કાંઈક કારણથી કાંધલજીનું મન જેઠવાની સાથે દુખાયેલું, તેથી પોતે જૂનાગઢના રા'ના દરબારમાં જઈને રિસામણે રહ્યા હતા.રા'ના ઘરમાં તે વખતે જેઠવા રાણાની કન્યા હતી. એ રાણીને એક કુંવર અવતર્યો. રા'એ તે હઠ લીધી કે જેઠવાની પાસેથી કુંવરપછેડામાં ઢાંક શહેર લેવું.જેઠવો વિચારમાં પડ્યો. પોતાની પુરાતન રાજધાની ઢાંક કેમ અપાય ? જેને ભીંતડે ભીંતડે નાગાજણ બાપુએ શાલિવાહનની સતી રાણીના હાથની સાનાની ગાર કરાવેલી, એ દેવતાઈનગરી ઢાંક કેમ દેવાય? જ્યાં પૂર્વજદેવે ભાટને માથાનું દાન દીધું, જ્યાં મસ્તક વિનાનું ધડ લડયું, મૂંગીપુરના ધણી શાલિવાહન જ્યાંથી ભોંઠો પડીને ભાગ્યો, એ અમરભૂમિ ઢાંક કેમ અપાય ? પાંચસો વરસની બંધાયેલી માયામમતા તોડવાનો વિચાર કરતાં જ જેઠવાની નસો તૂટવા લાગી. બીજી બાજુ જમાઈના રિસામણાનો ડર લાગ્યો, દીકરીના દુ:ખની ચિંતા જાગી. રા'ના હુમલાની ફાળ પેઠી.

આખરે જેઠવાને બારી સૂઝી. એને લાગ્યું કે કાંધલજી મારી આબરુ રાખશે; રિસાયા છે તોય ઢાંકની બેઆબરુ એ નહિ સાંખે. માતાની લાજ જાય ત્યારે દીકરો રિસાઈને બેઠો [ ૧૫૯ ]નહિ રહે. એણે રા'ને કહેવરાવ્યું : “અમારા કાંધલજીભાઈ ત્યાં છે. આ બાબતમાં એ જે કરે તે અમારે કબૂલ રહેશે.”રા'ને તો એટલું જ જોતું હતું. કાંધલજી તો આપણા આશ્રિત છે : એ બીજું બોલે નહિ. એવો વિચાર કરીને કચેરીમાં કાંધલજીભાઈને રાણાનો કાગળ વંચાવ્યો. વાંચીને ગર્વથી, પ્રેમથી, ભક્તિથી, કાંધલજીની છાતી એક વેંત પહોળી થઈ, અને એના અંગરખાની કસો કડડ કડડ તૂટવા લાગી. અંતરર્યામી અંતરમાં બોલી ઊઠ્યો : “વાહ મારા ધણી ! તેં તો મને ગિરનારને આંગણે ઊજળો કરી બતાવ્યો.”

“કેમ કાંધલજીભાઈ!” રા'એ હસીને પૂછ્યું : “જોયાં તમારા જેઠવાનાં જોર ?”ધોળી ધોળી સાગરના ફીણ જેવી દાઢી ઝાપટીને કાંધલજી બોલ્યા : “બાપ ! મારો ધણી તો ગાંડિયો છે. ઢાંક તો અમારી મા કહેવાય. એને જવાબ દેતાં ન આવડયું. દીકરીનાં માગાં હોય, પણ માનાં માગાં કયાંય દેખ્યાં છે ?” એટલું બોલતાં તો એની આંખમાં અંગારા મેલાઈ ગયા.

રા'નું રૂંવાડે રૂવાડું ખેંચાઈને ઊભું થઈ ગયું. એણે કહ્યું : “કાંધલજી, જૂનાગઢના રોટલા બહુ દી ખાધા. હવે ભાગવા માંડ્ય. ત્રણ દિવસની મહેતલ આપું છું. ચોથે દિવસે તું જ્યાં હોઈશ ત્યાંથી ઝાલીને તારા પ્રાણ લઈશ.”

કાંધલજી ઊભા થયે. ભેટમાં તરવાર હતી તે ખેંચી કાઢીને એની પીંછીથી ત્યાં ને ત્યાં ભોંય ઉપર ત્રણ લીટા કર્યા. અક્કેક લીટો કરતો ગયો અને રા'ની સામે જોઈ બોલતો ગયો : "આ એક દિવસ, આ બે દિવસ અને આ ત્રીજો દિવસ. જૂનાગઢના રા' ! તારી મહેતલના ત્રણ દિવસ પૂરા થઈ ગયા. લે હવે, આવ પડમાં, કર ઘા. મેરને મરતાં કેવુંક આવડે છે તે જોઈ લે." "હાં ! હાં ! હાં ! કાંધલજી ! " બોલતી આખી કચેરી ઊભી થઈ ગઈ.

રા'એ કહ્યું : " તુંને એમ મારું તો તો જગત કહેશે કે આશ્રિતને ઘરમાં ઘાલીને માર્યો, માટે ભાગવા માંડ્ય."

ઘોડી ઉપર ચડીને કાંધલજી ચાલી નીકળ્યા. સાથે પોતાનો જુવાન ભાણેજ એરડો હતો. ચાલતાં ચાલતાં, ઘોડીએ વણથળી ગામને પાદર નીકળી.તે દિવસે ગામમાં નવસેં નાઘોરી વરે પરણવા આવેલા. અત્યારે વરરાજા અને જાનૈયાઓ ગામ બહાર દિશા-દાતણ કરવા નીકળેલા છે. ઢોલ ધ્રબૂકે છે ને કેટલાય જાનૈયાઓ પટ્ટાબાજી ખેલે છે. ગામને ગોંદરે રમાતી આ વીર રમતો સહુના કાળજાંમાં શૌર્યનાં સરણાં વહાવી રહી છે. માર્ગે નીકળેલા સેંકડો વટેમાર્ગુઓ રમતો નીરખવા થંભી ગયા છે. એવે ટાણે આ ચાર-પાંચ ઘોડેસવારો કાં ઝપાટાભેર ભાગ્યા જાય છે? ઘોડીઓનાં મોઢામાં ફીણ છૂટયાં છે, ઘોડીઓ પરસેવે નીતરી રહી છે, તોય કાં અસવાર એના ડેબામાં એડી મારતા આવે છે? પાંચે આદમીના હાથમાં ઉઘાડાં ખડગ કેમ છે?

દોડી જઈને નવસો નાઘોરી વરરાજા આડા ફર્યા. ઘોડીની લગામ ઝાલી રાખી. ચમકીને કાંધલજી બોલ્યા : "તમે મને ઓળખો છો ? "નાઘોરી કહે : " ઓળખીએ છીએ. તમે અમારા મહેમાન એ જ મોટામાં મોટી ઓળખાણ. ગામને પાદરથી આજ તો તમ જેવો મહેમાન કસૂંબા લીધા વિના ન જઈ શકે."કાંધલજીએ કહ્યું : "ભાઈ ! તમે તમારી મેળે જ હમણાં ના પાડશો. મારી વાંસે જૂનાગઢની વહાર ચડી છે."

"ત્યારે તો, ભાઈ, હવે રામરામ કરો ! હવે તો જઈ રહ્યા ! જાવા દઈએ તો નાઘોરીની જનેતામાં કંઈક ફેર પડયો જાણજો. ""અરે બાપુ ! તમારે ઘેર આજ વિવા છે. ગજબ થાય."

"વિવા છે માટે જ ફુલદડે રમશું. કંકુના થાપા તો વાણિયા-બ્રાહ્મણના વિવાહમાંયે હોય છે. આપણને તે લોહીના થાપા જ શોભે."

નાઘોરીઓએ આખી વાત જાણી લીધી. કાંધલજીને કોઠાની અંદર પૂરી દીધા. અને નવસેં મીંઢળબંધ નાઘોરીઓ ગામને પાદર તલવાર ખેંચીને ખડા થઈ ગયા. જૂનાગઢની ફોજ આવી પહોંચી. સંગ્રામ મચ્યો. સાંજ પડી ત્યાં નવસોયે મીંઢળબંધા વરરાજાએ લોહીની કંકુવરણી પથારી કરીને મીઠી નીંદરમાં પડ્યા. કોઈ કદીયે ન જગાડે એવી એ નીંદર, એવી નીંદર તે નાઘોરણોની સુંવાળી છાતી ઉપરેય ન આવત.કોઠા ઉપર બેઠાં બેઠાં કાંધલજીએ કસૂંબલ ઘરચોળાવાળી જોબનવંતી નાઘોરણોને હીબકાં ભરતી ભાળી, મોડિયાનાં મોતી વીંખતી વીંખતી તરુણીઓનાં વેણ સાંભળ્યાં : "આપણા ધણીઓનો કાળ હજી આંહી બેસી રહ્યો છે !" એ સાંભળીને કાંધલજીએ કોઠા ઉપરથી પડતું મેલ્યું. તલવારની ગાળાચી કરી. પોતાનું માથું ઉતારીને નીચે મૂકયું. બે ભુજામાં બે તલવારે લીધી : અને ધડ ધીંગાણામાં ઊતર્યું. લશ્કરને એક ગાઉ સુધી તગડયું. સીમાડા માથે કોઈ એ ગળીનો ત્રાગડો નાખી ધડને પાડયું, અને માથું દરબારગઢમાં રહ્યું.

તું કાંધલજી કાટકયો, ફોજાં અંગ ફેલે,

કાળુઓત મીંડો કિયો, ઘોડાં અંગ ઘેરે.

હે કાળુ મેરના પુત્ર કાંધલજી, તું ફોજ ઉપર તૂટી પડયો. અને તારા થોડા ઘોડેસવારથી તેં શત્રુઓને ઘેરી લીધા.અને સહુથી સરસ તો ભાણેજ એરડો લાગ્યો.

હરમ્યું ઊતરિયું હરખથી, કાંધલને જોવા કોય,

નાઘોરી વર નોય, અપસર વરીઓ તું એરડા !

કાંધલને જોવા સ્વર્ગમાંથી હુરમો (અપ્સરાઓ) ઊતરી, અપ્સરાઓને એમ લાગ્યું કે આ યુદ્ધરૂપી લગ્નમાં નાઘોરીઓ વરરાજા નથી લાગતા, ખરો વરરાજા તો એરડો લાગે છે; તેથી અપ્સરાઓ એરડાને પરણી.

બુડાધર, બરડા તણી, લંગરી વધારી લાજ,

કાંધલ આડો કમાડ, આંબો થિયો તું એરડા !

હે એરડા, તેં તો બરડા પ્રદેશની કીર્તિ વધારી, તારા મામા કાંધલજીની આડે તેં કમાડરૂપ બનીને રક્ષણ કર્યું.

અત્યારે કાંધલજીનું માથું વણથળીના દરબારગઢમાં પૂજાય છે, અને ધડની ખાંભી સીમાડે પૂજાય છે. રા'એ કાંધલજીના માથામાં ઉબેણ નદીને કાંઠે જમીન આપી હતી, તે જમીન અત્યારે નાઘોરીનો વંશજ કોઈ મુંજાવર ભોગવે છે.કાંધલજીના વંશજોએ દર વિવાહે એક કોરી (પાવલું ) કર નાઘોરીના વંશજોને બાંધી આપેલો છે, ને પોરની સાલ સુધી એક ફકીર કાંધલજીના વંશજો ઓડદરિયા મેરો પાસેથી પાવલું પાવલું કર ઉઘરાવી ગયો છે.એ ધીંગાણા પછી નાઘોરીઓ અને મેરો બન્ને "લોહી- ભાઈઓ " કહેવાય છે. કાંધલજીના વંશજો હજુ ફટાણામાં છે, ને તેનું ફળિયું તે 'જીફળિયું' ( કાંધલ અધ્યાહાર ) કહેવાય છે.નાઘોરી મુસલમાનોની એક જાત છે. વણથળીમાં અસલ નાઘોરી જમાદારોની આણ ફરતી.

આખી વાર્તા વીરરસ અને માનવતા વચ્ચે ઊભી છે.હિન્દુ અને મુસલમાન કો ના ભાઇચારા વચ્ચે ઊભી છે.ભલે જે તે વ્યક્તિ કો સમાજે એના અંગત સવાલ માટે કોઈ સાથે દુશ્મનાવટ બાંધી હોય, પણ જ્યારે એક બીજા એકબીજાને શરણે આવે છે ત્યારે એક બીજા જીવ આપવા સુધીની તૈયારી રાખે છે.પોરબંદર પંથકમાં થયેલી આ લોક વાર્તામાં આપણે એ માનવ સંસ્કાર જોઈ શકીએ છીએ.

આ વાર્તા એ સમયના રાજકીય સંબંધો તથા રાજ ખટપટની પણ વાત કરે છે.

***************"**********************

પોરબંદર પંથકની સંસ્કૃતિને ઉજાગર કરતી વાર્તા - ૨

કાળુજી મેર

કીધી તેં જે કાળવા, લાખા વાળી લી,

સૂબે નવસરડું તણો, દંડિયો ધોળે દી.

મેરની દીકરીઓને તે દીનોનાથ નવરો હોય તે ટાણે જ ઘડતો હશે. ઈશ્વરે આપેલા રૂપને ઘૂમટામાં સંતાડી રાખવાનું મેરની દીકરીઓ શીખી નથી. જોરાવર તોયે કોમળ જણાતી કાયા ઉઘાડી તોયે ધરતી પર ઢળી રહેતી કાળીભમ્મર બે આંખો અને ભર્યું ભર્યું તોયે જરી કરુણાની છાંટવાળું મુખ : અને એવી કાયાને ઢાંકવાના ઢોંગ કરતો, પહાડપુત્રીઓના નીરોગી મસ્ત લાવણ્યને બહેલાવતો છૂટો પહેરવેશ; અર્ધે માથે ટીંગાઈને પાની સુધી ચારે છેડે છૂટું ઝૂલતું ઓઢણું : ઢીલું કાપડું : અને સહુથી જુદી ભાત પાડતું સફેદ પેરણું : ઘડીક જાણે મેર-કન્યા સાધ્વી લાગે, ઘડીક લાગે જોગમાયા, તો ઘડીકમાં વળી જોબનિયું હેલે ચડ્યું હોય એવી નવયૌવના લાગે, ઘરની ઓસરીની ભીંત ઉપર મેરાણી આછા, ઘેરા, ગૂઢા, એવા ભળતા રંગોથી ચિત્રો આલેખે, માટી લઈને ઓરડામાં નકશીદાર કમાનો કંડારે, જોવા જનારને નિર્દોષ હાસ્ય હસી પોતાની કારીગરી બતાવે, અને ઘરની ઘોડી, ગાય કે ભેંસ ઓરડાની અંદર જ આખી રાત બાંધી રાખે. અળગી કરે નહિ. મેરાણી જ્યારે હસે છે ત્યારે એની આંખના તારલામાં બેઠો બેઠો જાણે એનો આત્મા ડોકિયાં કરે છે. હાવભાવ એને આવડતા નથી. ગાલે આપોઆપ .શરમના શેરડા પડે, એવી વિશેષ શરમની ચેષ્ટાઓ એને કોઈએ શીખવેલ નથી. વાહ રે મેરાણી તારાં રૂપ ! કોઈ ઊંડી ઊંડી નદીની કારમી ભેખડ ઉપર રસ્તો ભૂલી, ઘોડી થંભાવીને ઊભા રહી તારી મદદની વાટ જોવાનું કોને ન ગમે ? આત્માના રંગ જેવું નિર્મળું હાસ્ય હસીને તું રસ્તો બતાવવા આવે એ જીવનલહાણ

કેવી દોહ્યલી છે ! તેં સુભટો જન્માવ્યા : પ્રેમિકો પ્રગટાવ્યા : કોઈ કોઈ વખત કામીઓને શાપથી બાળ્યા : અને કામદેવની આગમાં તું યે કયાં નથી ખાખ થઈ?

આવું એક રૂપ જૂનાગઢના નવાબના આંગણામાં રમતું હતું. કાળુજી નામનો એક મેર જૂનાગઢની ચાકરીમાં હતો. તેને ઘેર એક બહેન હતી. નવાબની નજર એ સુંદરીના શરીર ઉપર પડી. નવાબ બેભાન બન્યો. એણે કાળુજીને તેડાવ્યો. દલીલ કરી : " દેખો ભાઈ ! રાણીજાયા બી સોઈ, ઓર બીબીજાયા બી સોઈ, સમજ ગયા ? માગ લે, ચાય ઈતની સોનામહોર માગ લો, કાળુજી મેર ! રાણીજાયા બી સોઈ, બીબીજાયા બી સોઈ!"

"હું વિચારી જોઈશ." એમ કહીને કાળુજી ઊઠયો. થોડી વારે નવાબને ખબર થઈ કે કાળુજી તો ઉચાળા ભરીને જાય છે.

કામાંધ નવાબ કરડો થયો. "હેં : એમ કેમ જાવા દેશું ? જેરાવરી કરીને એની બોનને ઉઠાવી લાવો. જૂનાગઢના તમામ દરવાજા બંધ કરાવો."કાળુજીએ ઉચાળા પડતા મૂકયા. બાળબચ્ચાંને રામરામ કર્યા. અંધારી રાતે એણે બહેનને પડકારી : "બહેન ! આવી જા ઘોડી માથે, મારી બેલાડ્યે. કાં તો ભાઈ-બહેન નીકળીએ છીએ ન કાં બેઉ જણાં ભેળાં જ પ્રાણ કાઢીએ છીએ."એક જાતવંત ઘોડી ઉપર ભાઈ-બહેન અસવાર થયાં. બહેનના દેહને ભાઈએ પોતાના દેહ સાથે કસકસીને બાંધી લીધો.હાથમાં લીધી તલવાર, બહેનના હાથમાં ઝલાવ્યો ભાલો. કાળુજીએ ચોકીદારોના જૂથમાં ઘોડી નાખી ભાઈબહેન કંઈક મિયાંમુગલોને કાપતાં બરોબર કાળવે દરવાજે આવી ઊભાં રહ્યાં. ત્યાંથી એણે ગઢ ઉપર ઘોડીને ઠેકાવી. ટપીને ઘોડી વીજળીના સબકારા સમી ગઢની બહાર ગઈ. ઘનઘોર વનરાઈમાં ઘોડી અદશ્ય થઈ. બહેનને કાળુજીએ સલામત ઠેકાણે પહોંચાડી દીધી.

પણ નવાબની માગણીનો સાચો જવાબ નથી અપાયો, એવી ઊણપ એના મનમાં રહી ગઈ. ફકીરને વેશે પાછો જૂનાગઢ આવ્યો. નવાબના દરવાજામાં સાંઈમૌલાને કોઈ રોકે નહિ. કાળુજીને ખબર હતી કે કઈ મેડી ઉપર શાહજાદો અને વજીરજાદો એકલા રમે છે. ઉપર જઈને દાદરો અંદરથી બંધ કરી દીધો; અને પછી અંદરથી ત્રાડ નાખી : " જૂનાગઢના નવાબ ! મારી બહેનનું માગું નાખવાનાં મૂલ પણ કેવાં મોંઘાં છે તે જોઈ લે. હમણાં તારા શાહજાદાની મૈયત કઢાવું છું."મેડીને દાદરે માણસોની ઠઠ્ઠ જામી. નવાબ બહાર ઊભો ઊભો કરગરવા લાગ્યો : " કાળુજી ! તું માગે તેટલાં જવાહિર આપું."

નેજે જે નવાબ, ઊભો અરદાશું કરે,

જોરાવર જવાબ, કઢ્ઢે મેર કાળવો.

નવાબ ઊભો ઊભો આજીજી કરે છે, અને કાળુજી જોરાવર જવાબ કાઢે છે.

કાળુજીએ જવાબ વાળ્યો : "જવાહિર જોતાં હોત તો મારી બહેનને જ તારા જનાનામાં વેચાતી ન આપી દેત ? પણ અમે જેઠવા વંશનું પડખું સેવ્યું છે. મેરને જવાહિર કરતાં આાબરૂ વધુ વહાલી છે. હવે આપણું ખાતું સરભર થઈ ગયું છે. હેમખેમ જવા દે એટલું માગું છું."નવાબે કબૂલ કર્યું કે સીમાડા સુધી કાળુજીને હેમખેમ મૂકી આવવો. પણ નવાબના પેટમાં પાપ હતું. કાળુને માટે એણે ઘોડી મંગાવી. કાળુજી ઘોડીના પગ ઊંચા કરીને જુએ ત્યાં ડાબલામાં નાગફણીઓજડેલી દેખી, ઘોડી બદલાવી. બસો મકરાણીઓ સીમાડા સુધી મૂકી ગયા. પછી કાળુજી છૂટો થઈને ભાગ્યો, કારણ કે વાંસે જૂનાગઢની વાર ચડી ચૂકી હતી.નાસતો નાસતો કાળુજી ગોંડળનો આશરો લેવા આવ્યો. ગોંડળમાં તે વખતે ભા' કુંભાજીને પહોર ચાલતો હતો.એવા મરદ કુંભાજીએ પણ જૂનાગઢનાં બહારવટિયાને ન સંઘર્યો. ત્યાંથી ભાગીને કાળુજીની ઘોડી મેડાનાર નદી ટપીને ઓખામંડળના પોહિત્રા ગામમાં પહોંચી. ઓખાના વાઘેરોએ એને આશરો દીધો.

પાછળ જૂનાગઢ, ગોંડળ અને નગર, ત્રણે રાજની વહાર ચડી. પાહિત્રાની બહાર પડાવ નાખીને દુશમનોએ ગઢ સુધી સુરંગે ખોદાવી. સુરંગનો અગ્નિ જયારે નજીક આવવા લાગ્યો ત્યારે ગઢના કોઠામાં મૂકેલ થાળીમાં મગના દાણા થરથરવા લાવ્યા. કાળુજી સમજયો કે ધરતી હમણાં ફાટશે. એણે પોતાનાં તમામ કુટુંબીઓને નાઠાબારીમાંથી રવાના કર્યા , પણ એનો શુરવીર પુત્ર વેજો બાપની વસમી વેળાએ વેગળો થાય ખરો કે ? એણે તો બાપની સાથે રહીને જ મરવાનો પોતાનો વિચાર પ્રગટ કર્યો. એને આમ મરતા અટકાવવા કાળુજીએ કહ્યું : "હું તો જગતમાં નામ રાખીને મરું છું, પણ બેટા, નાહક તું કાં ગુડા ? ભીંત હેઠે કચરાઈ મરવામાં કાંઈ કીરત છે? મારું સાચું ફરજંદ હો તો બાપથી સવાયું નામ કાઢીને મરજે ને ?"

આથી વીર વેજો પણ ચાલ્યો ગયો. કાળુજીએ વિચાર્યું : 'વાહ ભાઈ! આવી જાન ફરી કયારે જોડાવાની હતી ? આજ મરવાની પણ મજા છે.'ઘીના કુંડલામાં બેસીને આગ લગાડી પોતે બળી મૂઓ.

જૂનાગઢમાં જયાંથી કાળુજીએ ઘોડી ટપાવી હતી તે જગ્યાએ એક દરવાજો છે તે આજ પણ કાળુજીના નામ ઉપરથી “કાળવો દરવાજો ” નામે ઓળખાય છે.

જબ્બર આયે જામ, મરદ સાથે મછરાળા, કૂ

મકે ક્રોધી કુંભ, સંગ ઝાલા, મતવાલા.

માંહી નર કૂડા નવાબ, ચોંપ શું કટૃક ચડિયાં,

હૈડું દિયે હિલોળ, આવી પોસીતરે અડિયાં,

ત્રેવડે વાત મનમાં ત્રઠી, ધિંગે ધરી ઓખે ધજા,

કાળવે મન મીઠો કર્યો, મરવાની આવી મજા.

પોતાની બહેનના રક્ષણ માટે એકલો માણસ મોટા રાજ સામે પણ બાથ લઇને પોતાના માન અને ચરિત્રનું રક્ષણ માટે જીવ આપતા અચકાતો નથી એ મરદ માણસ કાળુ મેરની આ લોકવાર્તા આમ તો પોરબંદર પંથકની ન ગણાય પણ એ વાર્તાનો નાયક મેર જુવાન પોરબંદર પંથકના સમાજ મહેર સમાજનો હોવાથી મેં એને અહીં પોરબંદર પંથકની સંસ્કૃતિમાં ગણવા માટે ધાર્યું છે.

આ વાર્તા પણ મુસલમાન કોમની સાથેની વાર્તા છે.ઉપરની વાર્તા 'કાંધલજી મેર'માં મુસલમાન કોમ હિંદુ સાથે મિત્રતાનો ગુણ ધરાવે છે, જ્યારે આ વાર્તામાં જેની જવાબદારી પ્રજાનું રક્ષણ કરવાની છે એ નવાબનું મેલું મન અને હલકું ચરિત્ર મળે છે.એક જ પંથકના બે માણસો છો જેમાં એક મુસલમાન સામાન્ય સિપાહી છે, બીજો નવાબ છે.પણ બન્નેના ચરિત્ર જૂદાં છે.

આ વાર્તામાં બે પ્રજાની જીવન સાથેની ચાહત અને ભરોસો જોઈ શકાય છે.

*************"******************

પોરબંદર પંથકની સંસ્કૃતિને ઉજાગર કરતી વાર્તા - 3

મૂળુ મેર

ઇ. સ. ૧૭૭૮ની સાલમાં પોરબંદરના રાણા સરતાનજીએ નવાનગરના સીમાડા ઉપર પોતાના વડાળા ગામમાં એક વંકો કિલ્લો બાંધ્યો, અને તેનું નામ “ભેટાળી”પાડયું. આજ પણ એ કિલ્લાના ખંડેર ગમે તે ઠેકાણે ઊભા રહીને જોઈએ, તો એના ત્રણ કોઠા દેખાય, ચોથો અદશ્ય રહે : એવી તેની રચના કરી હતી.એક દિવસ નવાનગરનો એક ચારણ ત્યાંથી નીકળ્યો. તેણે એ કિલ્લો જોવાની માગણી કરી. કિલ્લાના રખેવાળ મેર મૂળુ (મીણુંદના)એ ના પાડી, તેથી નગરનો ચારણ સ્ત્રીને વેશ પહેરીને જામ સાહેબની કચેરીમાં ગયો. જામ જસાજીએ પૂછયું : “કવિરાજ, આમ કેમ ?”

ગઢવી બોલ્યો : "અન્નદાતા, મારો રાજા બાયડી છે એટલે મારે પણ બાયડી જ થાવું જોઈએ ના ?" ગઢવીએ દુહો કહ્યો :

ઉઠ અરે અજમાલરા, ભેટાળી કર ભૂકો,

રાણો વસાવશે ઘૂમલી, (તો) જામ માગશે ટુકો.

જસા જામે બધી હકીકત જાણી. એને ફાળ પડી કે નક્કી જેઠવો વડાળાના ગઢની સહાયથી પાછો ઘૂમલી નગર હાથ કરી લેશે.જામ પોતાના જમણા હાથ જેવા જોદ્ધા મેરુ ખવાસને આજ્ઞા કરી કે ભેટાળીને તોડી નાખો. નગરના સેનાપતિ મેરુખવાસે રાણાને કહેણ મોકલ્યું : "વડાળું ભાંગીશ."

રાણાએ જવાબ વાળ્યો : " ખુશીથી, મારો મૂળુ મેર તમારી મહેમાનગતિ કરવા હાજર જ છે."જેઠવાની અને જામની ફોજો આફળી. એક મહિનો ને આઠ દિવસ સુધી યુદ્ધ ચાલ્યું.

એક મહિનો ને આઠ દી, ઝુલાવ્યો તેં જામ,

ગણીએ ખવે ગામ, મા ભડ વડાળું મૂળવા!

પછી મેરામણ ખવાસે 'લક્કડગઢ' નામના એક હાલીચાલી શકે તેવો કાષ્ઠનો કિલ્લો કરાવ્યો. ધીરે ધીરે લક્કડગઢને ભેટાળીની નજીક નજીક લાવતા ગયા. આખરે લક્કડગઢમાંથી નીકળીને જામના સૈન્યે ભેટાળીની ભીંતે ચડવા માંડયું. ત્યાં અંદરના મૂળુના સૈન્યની બંદૂકો છૂટી. લક્કડગઢમાંથી હારો હારો દાણા સમાય એવડાં નગારાં મૂળુ (મીણંદનો ) ઉપાડી આવ્યો અને જામની સેનાને નસાડી.

લાદા તંબુ લૂંટિયા, નગારાં ને નિસાણ,

માથે હરમત મૂળવો, ખાંડા હાથ ખુમાણ.

જામનું રાવલ નામે ગામ જે નજીક હતું, તેમાં મૂળુએ હાક બોલાવી.

વડાળા સું વેર; રાવળમાં રે'વાય નૈ,

મોઢો જાગ્યો મેર, માથાં કાપે મૂળવો.

જેઠવાના ગામ વડાળા સાથે વેર થયા પછી રાવળ ગામમાં જામની ફોજથી રહેવાતું નથી, કેમ કે મોઢવાડિયો મેર મૂળુ એવો જાગ્યો છે કે માથાં કાપી લે છે.

રાવળ માથે આવિયો, રવ્ય ઊગમતે રાણ,

મોર્યે પૂગે, મૂળવો, ખાંડા હાથ ખુમાણ

રવિ (સૂર્ય ) ઊગતાંની વેળાએ જામ રાજા રાવળ ચડી આવ્યો, ત્યાં હાથમાં ખડ્ ગ લઈને મૂળુ મેર અગાઉથી પહોંચી ગયેલો.

દળ ભાગાં દોવાટ, માળીડા મેલે કરે,

થોભે મૂળુ થાટ, રોકે મેણંદરાઉત.

પોતાના ઉતારા છોડીને લશ્કર બન્ને બાજુ નાસી છૂટયાં. પણુ મૂછદાઢીના થોભાના ઠાઠવાળો મીણંદુ મેરનો પુત્ર મૂળુ એ નાસતા કટકને રોકી રાખે છે.

કહીંઈ તારે કપાળ, જોગણનો વાસો જે.

મીટોમીટ મળ્યે, મેરુ ભાગ્યો મૂળવા.

હે મૂળુ, અમને તો લાગે છે કે તારા કપાળમાં કોઈ જોગમાયા દેવીનો વાસ હોવો જોઈએ, કેમ કે તારી સાથે મીટામીટ મળતાં જ ભય પામીને મેરુ ખવાસ જેવો જબ્બર નર ભાગી ગયો.રાણા સરતાનજી ચોરવાડ પરણ્યા હતા. ચોરવાડના જાગીરદાર રાયજાદા સંઘજીને માળિયાના અલિયા હાટીએ માર્યો. રાણાએ ચોરવાડ હાથ કરવા મૂળુ મેરને મોકલ્યો. ચોરવાડ જીતીને વેરાવળ ઉપર જતાં ધીંગાણામાં મૂળુનો હાથ એક કાંડેથી કપાઈ ગયો.મહારાણાએ પૂછ્યું : “બોલો મૂળુ ભગત, કહો તો એ હાથ રત્નજડિત કરી આપું, કહો તો સોનાનો, ને કહો તો રૂપાનો .”રાજકચેરીમાં ઊભા થઈને નિરભિમાની મૂળુએ જવાબ દીધો : “રાણા, કોક દી મારા વંશમાં ભૂખ આવે, તો મારા વારસો સોનારૂપાનો પંજો વેચી નાખે, માટે મારી સો પેઢી સુધી તારી એંધાણી રહે એવો લોખંડનો પંજો કરાવી દે.”

પાતાના ઠૂંઠા હાથ ઉપર રાણાએ આપેલો એ લોઢાનો પંજો ચડાવી મૂળુ ભગત એમાં ભાલું ઝાલી રાખતા, જમૈયો દીધો હતો તે કમરમાં પહેરતા, અને એક નેજો ને બે નગારાં દીધાં તે લઈને મૂળુ મેર વરસોવરસ દશેરાની સવારીની અંદર પોરબંદરમાં મોખરે ચાલતા.

[આજ મોઢવાડાની અંદર એની પાંચમી પેઢીએ સામતભાઈ મેર હયાત છે. સામતભાઈના ઘરમાં એ નગારાં, એ નેજો, એ લીલા (નીલમ જેવી કોઈ ચીજના બનાવેલા ) હાથાવાળો છરો અને એ લોઢાનો પંજો મોજૂદ છે. એ છરાને હાથે ધોઈને પાણી પીવાથી કેટલીક સ્ત્રીઓની પેટપીડા મટી હોવાનું મનાય છે, અને નેજો-નગારાં હજુ પણ જેઠવા રાજાની સવારીની મોખરે ચાલે છે, નગારાં તૂટી જાય તો તેની મરામતનું ખર્ચ રાજ આપે છે, મૂળુની ડેલીમાં વૈભવવિલાસ નથી, માઢમેડી નથી; નીચી ઓસરીવાળા, સાદા માટીના ઓરડાની અંદર એનો પરિવાર વસે છે. ઓસરીની ભીંતે ચિત્રો કાઢે છે, અને સ્ત્રીપુરુષ બધાં ખેડ કરે છે. ડોશીઓ રેંટિયો કાંતે છે.]

આ પરિસંવાદની પાછળ જે ઉમદા હેતુ ધરાવતી મિત્રો છે, એ અંગે તથા સંસ્થા અંગે પણ મારે આજે થોડી વાત કરવી છે.. જો કે આ વાત લેખમાં ન શોભે, છતાં પણ જે આજની ઘડી છે એ ઘડીએ આવી સંસ્થા અંગે લખવું જ જોઈએ એ માટે બે વાક્ય વધારાના લખું છું.

તા.૫-૧-૧૯ ને શનિવારના રોજ રાજરત્ન શેઠશ્રી નાનજી કાલિદાસ મહેતા દ્વારા ૧૯૬૬માં સ્થપાયેલ મહિલા કેળવણીની સંસ્થા શ્રી આર્ય કન્યા ગુરુકુળ, પોરબંદરમાં 'પોરબંદર પંથકની લોકસંસ્કૃતિ 'વિશેના જિલ્લા કક્ષાના એક દિવસીય પરિસંવાદમાં મુખ્ય વકતા તરીકે નિમંત્રણ મળતા જવાનું થયેલ.

સૌ પ્રથમ તો સંસ્થાનો તથા પ્રાચાર્ય શ્રી અનુપમ નાગર સાહેબનો આભાર કે આ પ્રસંગે મને મુખ્ય વકતા તરીકે આમંત્રિત કરીને મને બે વાત કહેવાની તક આપી.

આ સંસ્થામાં પ્રવેશતા જ મને એક ઉત્તમ શૈક્ષણિક સંસ્થા કેવી હોય..?એ વાતનું ઉદાહરણ મળ્યું. વૈદિક પ્રાર્થના અને શાંતિમંત્ર વખતે તો ખરેખર સૌ કોઇની આંખ ભીની થાય ! સંસ્થાનો ઉત્સાહી સ્ટાફ અને દરેક વિદ્યાર્થી બહેનોની શિસ્ત અને  મને આપેલ સન્માન, જે ખરેખર આર્ય કન્યા ગુરુકુળની આગવી શોભા છે જે ક્યારેય ભૂલાશે નહીં.

મારા બે વાકયોમાં ભારતીય વૈદિક પરંપરા, આર્યસમાજ, દયાનંદ સરસ્વતીનો ભારતીય જીવન ઉપર પડેલ પ્રભાવ એ અંગે થોડી વાત થઇ.પોરબંદર અને મહાત્મા ગાંધીની વાત કરી.બાળપણમાં મોહનને 'હરિશ્ચંદ્ર આખ્યાન'અને 'શ્રવણપિતૃભક્તિ'લોકનાટક ઉપરથી થયેલ સત્યની ઝાંખી અને એ બાળ મોહનથી મહાત્માનું દર્શન ટૂંકમાં આપ્યું. સુદામાની કૃષ્ણ સાથેની દોસ્તી કે ભક્તિ ? એ સવાલ કરી સમાજશાસ્ત્ર અને સુદામાની જવાબદારીની વાત થઇ.શ્રી પલાણ સા.ને યાદ કરી એમની સાથે શ્રી પ્રાણગીરી ગોસ્વામી, શ્રી હિંમતલાલ દૂધરેજીયા,શ્રી અંબાદાન ગઢવી, શ્રી સુધાંશુ ભટ્ટ ,શ્રી રાજકવિ ભૂદરજી, શ્રી અમરનાથ નાથજી તથા શ્રી કેશુભાઇ બારોટ તેમજ  લોકકલાના અન્ય વિદ્વાનોનું પણ સ્મરણ કર્યું.શેષ રીતે પોરબંદર સાથે અનુબંધ ધરાવતી કેટલીક લોકવાર્તા જેમ કે ઓળીપો, અઠેય દ્વારકા, વીર માંગડાવાળો, સોન હલામણ, મુળુ મેર, કાંધલજી મેર, એ વિશે હૈયે આવ્યું તે હોઠેથી કીધુ! વિદ્યાર્થીની બહેનો લોકસાહિત્ય કે ગુજરાતી ભાષા,અન્ય પુસ્તકો વાંચતા થાય એ ઉપક્રમ હોવાથી વ્યાખ્યાનને ગેયતા આપી લોકની વચ્ચે ગવાતાં થોડાંક લોકગીતોના લય પણ ગાઈ બતાવેલ.

આ સંસ્થાની બહેનોએ તેમની અન્ય સંસ્થાએથી આવેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ જે અભ્યાસલેખ રજૂ કર્યાં એમાં વિ.ઓની અભ્યાસનિષ્ઠા અને એઓ પાછળ એઓના અધ્યાપકશ્રીઓનું માર્ગદર્શન પણ વંદનીય ગણી શકાય.એમના આ પ્રયત્નોથી  નવી પેઢીનું ઘડતર થશે,એ શ્રદ્ધા છે.

આ સેમિનારમાં મારી સાથે ઉપસ્થિત રહેનાર સંસ્થાના ભૂ.વિદ્યાર્થીની તથા ભૂ.આચાર્યાશ્રી પુષ્પાબહેન જોશીએ પણ અંતિમ બેઠકમાં પોરબંદરની આજુબાજુના સંત સ્થાનક તથા સાંસ્કૃતિક્ર  કેન્દ્રની વાત કરી સમાજજીવનમાં નારીનો મહિમા શોધી બતાવ્યોપોરબંદર પંથકના રાણાવાવ ગામના યુવાન સંસ્કૃતિવિદ્ શ્રી પોપટભાઈ ખૂંટીએ વર્તમાન સમયમાં સંસ્કૃતિ અને સમાજના સંબંધ દોરી બતાવ્યાઆ બન્ને વકતાઓના વ્યાખ્યાન પણ ખૂબ સરસ અને વિદ્યાર્થીઓ માટે પ્રેરક રહ્યાં.

એમ કહેવાય છે કે આર્ય કન્યા ગુરુકુળ બહેનો માટે , એમના ભવિષ્ય માટે આટલાં સુંદર શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન ગુજરાતી ભાષા, કળા, સંસ્કૃતિની સાથે અન્ય વિષયના પણ કરે છે.

આ સંસ્થામાં સેવા આપતા મારા તમામ મિત્રો, મિત્રોતો છે જ, પણ વારંવાર જેમની સાથે કોઈક વાત થતી રહેતી હોય, એવા અંગત મિત્રોમાં  ડૉ.મનહર ગોસ્વામી, ડૉ. ઉષા મકવાણા, ડૉ. શાંતિ મોઢવાડીયાને પણ ખૂબ ધન્યવાદ છે કે આવો રૂડો સેમિનાર સફળતાથી પાર પાડયો.

આ સંસ્થાના તમામ કર્મશીલ ભાઈ-બહેનોને આ પ્રકારના આયોજન બદલ પણ ધન્યવાદ. ફરી કોઈ સમયે યાદ કરશો તો હું પ્રસન્ન થઈશ.

ફરીથી આભાર અને સૌને વંદન.